# અંબાજીમાં ચૈત્રી નવરાત્રિના પ્રારંભે માઈભક્તોનો ઘસારો

**મંગળા આરતીમાં મોટી સંખ્યામાં માઈભક્તો જોડાયા**



ડીસા, તા. ૨૨

ચૈત્રી નવરાત્રીની શરૂઆત થઈ છે ત્યારે મા જગતજનની અંબાના ધામે મોટી સંખ્યામાં માઈભક્તો દર્શનાર્થે ઉમટી પડયા હતા. સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ચૈત્રી નવરાત્રીનું અનેરો મહત્વ છે. ત્યારે દૂર દૂરથી માઈભક્તો ચૈત્રી નવરાત્રી દરમિયાન આવતા હોય છે. મા જગતજનની અંબાના ચરણોમાં શીશ નમાવી આશીર્વાદ મેળવતા હોય છે. આજે ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે મોટી સંખ્યામાં માઈભક્તો માતાજીના ધામે આવી પહોંચ્યા હતા. ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે મા જગતજનની અંબાના ધામ અંબાજીમાં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડ્યા હતા. ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે મંગળા આરતીમાં હજારોની સંખ્યામાં માઈભક્તો જોડાયા હતા. વહેલી સવારથી માઈભક્તો મંગળા આરતીમાં જોડાવા માટે લાઈનોમાં લાગી હતી. વહેલી સવારે મા જગતજનની અંબાના ધામમાં ભક્તિમય માહોલ સાથે મંગળા આરતી થઈ હતી. ત્યારે જય અંબે, જય જય અંબેના જયઘોષ સાથે માનું મંદિર ગુંજી ઉઠયું હતું.

# ગુણભાંખરી ગામે ચિત્ર-વિચિત્ર મહાદેવના સાનિધ્યમાં આદિજાતિનો ભાતીગળ લોકમેળો ભરાયો

**પ્રાચીન કાળથી આદિવાસી લોકો પણ પોતાના પૂર્વજોને આ ત્રિવેણી સંગમ સ્થળે યાદ કરી શ્રાધ્ધવિધી તેમજ અસ્થિ વિસર્જનની અંતિમ ક્રિયાઓ કરે છે.**





બાયડ તા. ૨૨

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લા પોશીના તાલુકામાં આવેલા ગુભાંખરી ત્રિવેણી સંગમ સ્થળે આદિજાતિ બાંધવોનો માનીતો ભાતીગળ મેળો એટલે ચિત્ર-વિચિત્રનો મેળો આ મેળો હોળીના તહેવાર પછી ૧૫માં દિવસે ઉજવાય છે. અને બે દિવસીય ચાલનારા મેળામાં અંબાજી, દાંતા, પોશીના, રાજસ્થાન અને મધ્યપ્રદેશના લોકો તથા અરવલ્લી ગિરીકંદરામાં વસતા વનબાંધવો આ મેળામાં સહપરીવાર ઉમટી પડે છે. પૂર્વજોની શ્રાધ્ધવિધી તેમજ અસ્થિ વિસર્જનની અંતિમ ક્રિયાઓ આ મેળામાં આનંદ ઉલ્લાસ સાથે સવારે શોકમગ્ન બની વિધી કરે છે.

મહાભારત કાલીન પ્રાચીન સ્થળ એવા ગુણભાંખરી ગામે આદિજાતિ લોકોનો ભાતીગળ મેળો યોજાયો હતો આકુળ-વ્યાકુળ અને સાબરમતીના ત્રિવેણી સંગમે પૈતૃકના અસ્થિ વિસર્જન કરી સ્વજનોની યાદમાં હૈયાફાટ રૂદનથી આક્રંદ તેમને શ્રધ્ધાજંલિ અર્પી છે. ભાતીગળ મેળામાં યુવાનો અને યુવતીઓ મેળામાં મોજમાણી મનના માણીગરને શોધીને સંસારમાં પ્રભુતા પગલા માંડે છે.આ પ્રાચીન મેળામાં રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિતના આંતર રાજયો અને આસપાસના બનાસકાંઠા, દાહોદ, પંચમહાલ સહિતના આદિજાતી લોકો મેળામાં આવે છે.

મેળામાં આવેલ રાજસ્થાનના બિંદુ મીણા જણાવે છે કે, આ ચિત્ર વિચિત્ર મેળો અમારા માટે પવિત્ર મેળો છે. બાપ દાદાના સમયથી અમે અમારા સ્વજનોની અસ્થિ આ નદીના ત્રિવેણી સંગમમાં પધરાવીને પવિત્ર કરીએ છીએ.

પોશીના રામ કુકડીના મરજુભાઈ જણાવે છે કે આ મેળામાં મૃત સ્વજનોને યાદ કરવાની સાથે યુવક યુવતીઓ પોતાના જીવનસાથીને આ મેળામાં પસંદ કરી પોતાના સાંસારીક જીવનની શરૂઆત કરે છે.

# પ્રાંતિજ શ્રી વેરાઈ માતાના મંદિરે ૩૬મા ચૈત્રી નવરાત્રી મહોત્સવનો પ્રારંભ



પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી વેરાઈ માતાજી ના મંદિર પરિસર મા ચૈત્રી નવરાત્રી મહોત્સવ ની ઉજવણી નો પ્રારંભ કરવામા આવ્યો. દરવર્ષ ની જેમ આ વર્ષેપણ પ્રાંતિજ નગરમા શ્રી વેરાઈ માતાજી મંદિરે ચૈત્રી નવરાત્રી મહોત્સવ નો પ્રારંભ ચૈત્ર સુદ એકમના દિવસે કરવામા આવ્યો હતો તો ૩૬ મા ચૈત્રી નવરાત્રી મહોત્સવ ના પ્રારંભે વહેલી સવારે માતાજીના મંદિરે ઘટ:સ્થાપન માંડવડીનુ સ્થાપન અને ધજા રોહણ જેવા ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન વેરાઈ માતા યુવક મંડળ ના સભ્યો દ્વારા કરવામા આવ્યુ હતુ શ્રી વેરાઈ માતાના મંદિર પાસે આવેલ શ્રી રામકૃષ્ણ ના મંદિરે પણ પૂજા અર્ચના કરવામા આવી હતી મંદિર ના વિશાળ ચોકમા દરરોજ રાત્રે વિવિધ કલાકરો દ્વારા ગરબાનુ આયોજન કરેલ છે સમસ્ત પ્રાંતિજ નગરમાંથી ધર્મપ્રિય લોકો આ ઉત્સવમા સહભાગી થશે યુવક મંડળ ના ઉત્સાહી કાર્યકરો દર વર્ષે ચૈત્રી નવરાત્રી મહોત્સવ ની ઉજવણી ખુબજ ધામધૂમ થી કરે છે શ્રી વેરાઈ માતા તેમજ શ્રી રાધા કૃષ્ણ મંદિર ના શિખરો ઉપર નવિન ધજાઓ ચઢાવવામા આવી હતી તેમજ માંડવડી નું પુજન કરવામા આવ્યુ હતુ.

# ઉત્તર ગુજરાત અને દક્ષિણ રાજસ્થાનના તબીબોની "એડવાન્સ ગેસ્ટ્રોકોન" ની બે-દિવસીય યોજાઈ કોન્ફરન્સ

પાલનપુર તા.૨૨

ઉત્તર ગુજરાત અને દક્ષિણ રાજસ્થાનના પાચનતંત્રનાં તબીબોની "એડવાન્સ ગેસ્ટ્રોકોન" બે-દિવસીય કોન્ફરન્સનુ સૌ પ્રથમવાર માઉન્ટ આબુ ખાતે આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ગ્લોબલ હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટરના કાર્ડિયોલોજી અને મેડિસિન વિભાગના ડાયરેક્ટર ડો.સતિષ ગુપ્તાના વરદ હસ્તે દિપ પ્રાગટય કરી આ કોન્ફરન્સનો શુભારંભ કરવામા આવ્યો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,એડ્વાન્સ ગેસ્ટ્રોકોન કોન્ફરન્સમાં ગુજરાત રાજયના પાચનતંત્રના રોગોના પ્રખ્યાત, અનુભવી-નિષ્ણાત ગેસ્ટ્રો એનટ્રોલોજીસ્ટ ડો.નિલય મહેતા, ડો.વેંકટ અય્યર, ડો.વૈભવ સોમાણી, ડો.ધૃવિન શાહ, ડો.રાધિકા ચવન તથા ડો.સંજય રાજપુતની ટીમે તજજ્ઞ તરીકે વિશેષ ઉપસ્થિત રહી પેટ-લીવર અને આંતરડાનાં વિવિધ રોગ અને તેના નિવારણ બાબતે ઓડિયો-વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન દ્વારા વિશેષ સમજ આપવામાં આવી હતી.આ કોન્ફરન્સમાં ઉતર ગુજરાત અને દક્ષિણ રાજસ્થાનના ૧૩૦ થી વધુ સર્જન અને ફીઝીશીયન ઉપસ્થિત રહ્યાં હતાં.




આ સમગ્ર કાર્યક્રમનું આયોજન બનાસકાંઠાના નામાંકિત ફિઝીશિયન ડો.સુરેન્દ્ર ગુપ્તાના માર્ગદર્શન હેઠળ તેમના સુપુત્ર અને ઉત્તર ગુજરાત અને દક્ષિણ રાજસ્થાનનાં અ ે ક મ ા ૭ ા ગે સ્ટ્રો એ ન્ટ્રો લો જી સ્ટ ડો.એકાંત ગુપ્તા દ્વારા કરવામાં આવ્યુ હતું. આ કોન્ફરન્સનું સફળ સંચાલન ભૂમિ ગુપ્તા અને ડો. હેમેન્દ્ર જોષી દ્વારા કરવામાં આવ્યુ હતું. આ દ્વિ-દિવસીય કોન્ફરન્સને સફળ બનાવવા નિર્દોષ ગુપ્તા,મોનિકા ગુપ્તા, સતિષ ગુપ્તા,નયન ચત્રારિયા,જયંતભાઈ પટેલ,અમિત પટેલ, ભગવાનભાઈ મણવર સહિત મગનભાઈ ઠાકોરે ભારે જહેમત ઉઠાવી હતી.

# મેઘરજ પોલીસે સગીરાનું અપહરણ કરનાર રાજસ્થાન માંડલીના લંપટને રાજસ્થાનમાંથી સગીરા સાથે દબોચી લીધો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્રએ જીલ્લમાંથી અપહરણ અને ગુમ થયેલ બાળકો અને સગીરાઓને શોધી કાઢવા દોડાદોડી કરી રહી છે મેઘરજ પોલીસે મેઘરજ પંથકમાંથી સગીરાનું અપહરણ કરનાર રાજસ્થાન માંડલીના યુવકને ઘરેથી ભોગ બનનાર સગીરા સાથે ઝડપી પાડી અપહરણ કરનાર યુવકને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. મેઘરજ મહિલા પીઆઈ ડી.વી.બરવાળિયા અને તેમની ટીમે મેઘરજ પોલીસ સ્ટેશનમાં ૧૮ વર્ષની ઉંમરથી નીચેના અપહરણ અને ગુમ થયેલા બાળકોને શોધી કાઢવા વિશેષ અભિયાન ચલાવ્યું છે મેઘરજના ગ્રામ્ય વિસ્તારમાંથી સગીરાનું અપહરણ કરનાર રાજસ્થાન માંડલીના મનુ ઉર્ફે મનોજ રામા ડામોરનું આધારકાર્ડ મેળવી આધારકાર્ડ પર મોબાઈલ નંબર એનાલિસિસ કરતા આરોપીનો મોબાઈલ નંબર મળી જતા સર્વેલન્સ માં મૂકી મનુ ડામોર તેના માંડલી હોવાની જાણ થતા તાબડતોડ ટીમ સાથે તેના ઘરે ત્રાટકી આરોપીને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ અપહત્ય સગીરાનો બચાવ કરી તેના પરિવારજનોને સુપ્રત કરી હતી





બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની એક મહિલા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં રડતી હાલતમાં પહોંચતા ટાઉન પોલીસ મહિલાની માનસિક સ્થિતિનો તાગ મેળવી ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કરતા અભયમની ટીમ ટાઉન પોલીસ સ્ટેશનમાં પહોંચી મહિલાનું કાઉન્સલીંગ કરી તેના ઘરે પહોંચી પરિવાર સાથે મિલન કરાવતા ચાર ચાર દિવસથી મહિલાની શોધખોળ કરતા પરિવારજનોની આંખોમાંથી હર્ષના અશ્રુ સરી પડ્યા હતા

# હિટવેવની આગાહી - સાબરકાંઠા જિલ્લાનું ડિઝાસ્ટર વિભાગ સજ્જ બન્યું

**લૂ થી બચવાના ઉપાયો સૂચવ્યા**

બાયડ, તા.૨૨

રાજ્યના ખેડૂતો છેલ્લા ૩ દિવસથી કમોસમી માવઠાના કહેરથી પાયમાલ થઈ ગયા છે. જયારે હવામાન વિભાગે અત્યારથી જ મે. મહિનામાં હિટવેવની આગાહી કરી દીધી છે. જેના કારણે સાબરકાંઠા જિલ્લા ડિઝાસ્ટર વિભાગ પણ હિટવેવના સમયગાળા દરમ્યાન લૂ થી બચવા માટે શું કરવું અને શું ન કરવું તેના ઉપાય સૂચવ્યા છે. ઘરને ઠંડુ રાખવા માટે દિવાલોને સફેદ રંગથી રંગવા, ઘરમાં ઓછા ખર્ચે ઠંડક મેળવવા માટે કુલરુફ ટેકનોલોજી, હવાની અવર જવર માટે ક્રોસ વેન્ટીલેશન અને થર્મોકુલ ઈન્સ્યુલેશનનો ઉપયોગ કરવા માટે સૂચન કર્યુ છે.

કેન્દ્રમાં ભાજપની મોદી સરકાર આવ્યા પછી જિલ્લાની પ્રજાએ એકવાત સ્વીકારી લીધી છે કે હવે મોટાભાગની હવામાન વિભાગની આગાહી સાચી ઠરી રહી છે. હવામાન વિભાગે આ વર્ષે ભયંકર ગરમી પડવાનો વર્તારો જાહેર કર્યો છે. કેન્દ્ર સરકારે પણ આ મુદ્દે અત્યારથી એક્શન પ્લાન પણ ઘડ્યો છે. સાબરકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હિટવેવના સમયે બાળકો, સગર્ભા સ્ત્રીઓ, શ્રમિકો અને બિમાર લોકોને સાવધ રહેવા માટે અપીલ કરી છે. બપોરે ૧૨-૦૦ થી ૩-૦૦ દરમ્યાન સંભવ હોય તો બહાર જવાનું ટાળવું તેમજ ચા, કોફી, કાર્બોનેટેડ સોફ્ટ ડ્રીંક્સ અને જે પીણામાં ખાંડનું પ્રમાણ વધુ હોય તેવાં પીણાં ન લેવાં, તરસ ન લાગી હોય તો પણ વારંવાર પાણી પીવું, લીંબુ પાણી, છાશ, લસ્સી જેવા ઘરેલું પીણાઓનું સેવન કરવું કે જેમાં પાણીનું પ્રમાણ વધુ હોય. તદ્ઉપરાંત અશક્ત અને બિમાર સભ્યોને સતત પોતાની નિગરાની હેઠળ રાખવા અને તેમને ગરમી વધુ લાગતી હોય તો ભીના કપડાં દ્વારા સ્પન કરવાની સાથે ગરમી વિશેના અહેવાલો સતત સમાચાર માધ્યમોમાં જોવા પણ અપીલ કરવામાં આવી છે. રાજ્ય અને જિલ્લાના ઈતિહાસમાં પ્રથમવાર હિટવેવની આગાહી બાબતે તંત્રએ ગંભીરતા દાખવી છે અને સંભવ છે કે આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં પણ ગરમીના તમામ રેકર્ડ બ્રેક થઈ શકે છે. મે. મહિનામાં તાપમાનનો પારો ૫૦ ડિગ્રીને આંબવાની પણ આગાહી થઈ છે.

# પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા પ્રદેશ ભાજપ પ્રમુખના જન્મદિનની અનોખી ઉજવણી



પાલનપુર તા.૨૨

ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર.પાટીલનો આજે જન્મદિવસ છે. ત્યારે પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૭૮ બોટલ રક્ત એકત્ર કરી યુવા ભાજપે જન્મદિનની ઉજવણી કરી હતી. ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પટેલના જન્મદિન નિમિત્તે પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા જિલ્લા ભાજપ પ્રમુખ કીર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આયોજિત રક્તદાન કેમ્પમાં યુવા મોરચાના કાર્યકરોએ ૭૮ બોટલનું રક્તદાન કરી પ્રદેશ પ્રમુખના જન્મદિન ની સેવાદિન તરીકે ઉજવણી કરી હોવાનું શહેર યુવા ભાજપ પ્રમુખ જીગર માળીએ જણાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ કીર્તિસિંહ વાઘેલા દ્વારા યુવા ભાજપની સેવા ભાવનાને બિરદાવતા પ્રદેશ પ્રમુખ સી.આર.પટેલના દીર્ઘાયુ માટે પ્રાર્થના પણ કરાઈ હતી. આ પ્રસંગે શહેર યુવા પ્રમુખ જીગર માળી, જિલ્લા ભાજપના પૂર્વ મંત્રી દશરથસિંહ સોલંકી, પાલિકા ના ઉપપ્રમુખ હસમુખ પઢીયાર, દેવેન્દ્ર રાવલ, શાસક પક્ષના નેતા જાગૃતિબેન મહેતા, શહેર મહિલા મોરચાના મહામંત્રી તેજલબેન દેસાઈ સહિત યુવા ભાજપ અને શહેર ભાજપની ટીમ ઉપસ્થિત રહી હતી.

**જન્મદિને વધામણી**



શાર્વિલ શિતાષુ
જીતેન્દ્રકુમાર સોની

**મુંબઈ ખાતે રહેતા સાસરિયા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ**

# હડમતીયાની દિકરી પાસે દહેની માંગણી કરી કાઢી મુકતા પોલીસ ફરિયાદ થઈ

**મારઝૂડ કરી, બિભત્સ ગાળો બોલી, શારીરિક તથા માનસિક ત્રાસ આપી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી : પતિ સાસુ-સસરા જેઠ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા પોલીસ ફરિયાદ કરી : ૨૦ લાખ રૂપિયા દહેજ ની માંગણી કરી**

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના હડમતીયા ગામની દિકરીને તેના પતિ દ્વારા મારઝૂડ કરી બિભત્સ ગાળો બોલી શારીરિક તથા માનસિક ત્રાસ આપી ૨૦ લાખ રૂપિયા દહેજ ની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ધરમાંથી કાઢી મુકતા પતિ સહિત ચાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી

પ્રાંતિજ ના હડમતીયા ગામની દિકરી સરતાજબાનું જાકીર હુસેન સીંધી ના લગ્ન ૨૦૧૯ માં મુંબઈ ખાતે રહેતા ઈમરાન આફાક હૈદર ખાન સાથે સમાજ ના રીતરીવાજ મુજબ થયા હતા અને સંતાન મા ત્રણ વર્ષ નો દિકરો પણ છે તો સરતાજબાનુ ને તેના પતિ ઈમરાન આફાકહૈદર ખાન દ્વારા ધર લેવા તાર બાપના ધરેથી ૨૦ લાખ લઈ આવ તેમ કહેતા અને સરતાજબાનુ ના પિતા દ્વારા મકાન લેવા માટે બે લાખ રૂપિયા આપ્યા હતા અને ત્યારબાદ સરતાજબાનુ તેના પતિ ઈમરાન આફાકહૈદર ખાન અલગ મકાન મા રહેવા ગયા હતા ત્યા પણ તેનો પતિ દહેજ પેટે ૨૦ લાખ ની માંગણી કરતો હતો અને ઉશ્કેરાઈ જઈ મારઝૂડ કરતો હતો અને મહેનાટોણા મારી માનસિક ત્રાસ આપતો હતો અને તે દરમ્યાન સાસુ ચાંદ બીબી આફાકહેદર ખાન, સસરા આફાક હેદર અબ્બાસ હેદર ખાન ,જેઠ આમીર આફાક હેદર ખાન ધરે જઈ સરતાજબાનુ પતિ ને દહેજ ની માંગણી ચઢામણી કરતા અને બધા ભેગા મળી કહેતા હતા કે તુ તારા બાપના ધરેથી પૈસા નહી લાવેતો તને અહીનહી રવાદઈએ અને જાનથી મારી ને ફેકી દઈશુ તેવી ધમકીઓ આપતા હતા અને સરતાજ બાનુ ને માથાનુ ઓપરેશન કરાવેલ હોય જેને લઈ ને તેના માતા પિતા ખબર કાઢવા મુંબઈ જતા તેનો પતિ કહેલા લાગેલ દહેજ મા કશુ આપેલ નથી અને ઓપરેશન નો ખર્ચ પણ થયેલ છે તેવા મહેનાટોણા મારી સરતાજબાનુ તથા તેના માતા-પિતા સાથે ઝધડો કરી ધરની બહાર કાઢી મુકયા હતા તો સરતાજ બાનુ તેના પિતા ધરે આવી ગઈ હતી અને પ્રાંતિજ પોલિસ સ્ટેશન મા પતિ પતિ ઈમરાન આફાકહૈદર ખાન સસરા આફાકહૈદર અબ્બાસહૈદર ખાન , સાસુ ચાંદબીબી આફાકહૈદર ખાન જેઠ આમીર આફાકહૈદર ખાન બધા રહે વાધવા ડેઈજી ગાર્ડન, બિલ્ડીંગ નં.૩ હાઉસ નં.૭૦૧,કમલાનગર અંબેરનાથ થાણે મુંબઈ (મહારાષ્ટ્ર) જિ.થાને વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૪૯૮એ,૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ દહેજ પ્રતિબંધક અધિનિયમ-૪ મુજબ ગુનોનોધી આગળની તપાસ હાથધરી છે

# આકરુન્દ ગ્રામ પંચાયતના નવીન મકાનના નિર્માણમાં ઢીલી નીતિ સામે કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ફરિયાદ

**સરપંચે કોન્ટ્રાક્ટર તેમજ આર.એન્ડ બી. પંચાયત વિભાગના અધિકારીઓ સામે કાર્યવાહી કરવા ડી.ડી.ઓ.ને જાણ કરી**



બાયડ, તા.૨૨

ધનસુરા તાલુકાની આકરુન્દ ગ્રામ પંચાયતમાં પ્રારંભે નવીન મકાનના કામમાં નબળી કામગીરી અને ત્યાર પછી સમય મર્યાદામાં કામ પૂર્ણ ન કરાતાં કોન્ટ્રાક્ટર તેમજ તાબાના પંચાયત આર. એન્ડ બી. વિભાગના એસ.ઓ. સહિત અધિકારીઓ સામે કાર્યવાહી કરવા ગ્રામ પંચાયતના મહિલા સરપંચે જિલ્લા વિકાસ અધિકારી-અરવલ્લીને લેખિત ફરિયાદ કરતાં હલચલ મચી ગઈ છે. આવનારા દિવસોમાં આ મામલો પેચીદો બનવાની સંભાવના છે.

મળતી વિગતો અનુસાર રાજ્યના પંચાયત વિભાગ દ્વારા જે ગ્રામ પંચાયતોના મકાન જર્જરીત થયા હતા તેવા મકાનો નોનયુઝ કરી નવા મકાન બનાવવા માટે ગ્રામ પંચાયત દીઠ રુ ૧૪ લાખ જેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. ધનસુરા તાલુકાની આકરુન્દ ગ્રામ પંચાયતના જૂના મકાનને જમીન દોસ્ત કરી નવું મકાન બનાવવા માટે તત્કાલિન મુખ્ય મંત્રી વિજયભાઈ રુપાણીએ ઑગષ્ટ-૨૦૨૧માં ઈ-ખાતમૂહર્ત કર્યુ હતું અને ત્યાર પછી કોન્ટ્રાક્ટરે કામગીરી શરુ ન કરતાં પંચાયતના સરપંચ તેમજ ઉપસરપંચ દ્વારા સરકાર અને જિલ્લા વહીવટી તંત્રને રજૂઆત પછી કોન્ટ્રાક્ટર ઉપકાર કરતો હોય તે રીતે કામગીરી શરુ કરી અને પ્રથમથી જ નબળી કામગીરી અને કેટલોક કાટમાળ ચાલુ બાંધકામે તૂટી પડતાં શ્રમિકો ઘાયલ થયા હતા. ત્યાર પછી ગોકળ ગતિએ કામગીરી આગળ વધી અને તા.૧૦ ફેબ્રુઆરી-૨૦૨૩ સુધીમાં સંપૂર્ણ કામ પુરુ કરવાની ટેન્ડરમાં જોગવાઈ છતાં કોન્ટ્રાક્ટર દ્વારા કામ પુરુ ન કરાતાં અને ગ્રામ પંચાયતમાં આવતા અરજદારોને હાલાકી પડતી હોવાથી સરપંચ લલીતાબેન એમ. પટેલ દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરી જવાબદાર અધિકારી તેમજ કોન્ટ્રાક્ટરો સામે કાર્યવાહી કરવા માંગ કરી છે. ગામમાં જ્યાં સુધી પંચાયત મકાનનું કામ પૂર્ણ નહીં થાય ત્યાં સુધી સરકારી કાર્યક્રમો પણ નહીં કરીએ તેવી ચીમકી આપવામાં આવી છે.